ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના અધિકારીઓ
ના ખાનગી અહેવાલ લખવા તથા સમીક્ષા
કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:કપમ-૧૬૮૯-૯૭૫-ગ.૪,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 25 MAY 1993

વંચાણે લીધા:-

(૧) આ વિભાગના તા:૧૦.૫.૮૯ના ઠરાવ ક્ર:કપમ-૧૬૮૯-૯૭૫-ગ.૪

(૨) આ વિભાગના તા:૫.૧૦.૯૧ના ઠરાવ ક્ર:કપમ-૧૬૮૯-૯૭૫-ગ.૪

**ઠ રા વ**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ હેઠળ સચિવશ્રી અને સંયુક્ત સચિવશ્રી તરીકે ફરજો બજાવતા અધિકારીઓના ખાનગી અહેવાલ મંડળના અધ્યક્ષશ્રીએ લખવાના રહેશે તેવી જોગવાઈ ઉપર આમુખમાં દર્શાવેલ આ વિભાગના અનુક્રમે તા:૧૦.૫.૮૯ તથા તા: ૫.૧૦.૯૧ ના ઠરાવો અન્વયે કરવામાં આવી છે. પરંતુ આ અધિકારીઓના ખાનગી અહેવાલની સમીક્ષા કોણે કરવી- તે અંગે ઉક્ત ઠરાવોમાં કોઈ નિર્દેશ કરાયો નથી.

હવે વિચારણાને અંતે આ અધિકારીઓના ખાનગી અહેવાલની સમીક્ષા મુખ્ય સચિવશ્રીએ કરવી તેવો નિર્ણય થયેલ છે. આથી હવે આમુખમાં દર્શાવેલ ઠરાવોની જોગવાઈઓમાં તેટલે અંશે નીચે મુજબ સુધારો કરવામાં આવે છે :

| જગ્યાનું નામ. | ખા.અ. લખનાર અધિકારી | ખા.અ.સમીક્ષા કરનાર અધિકારી. |
|---|---|---|
| ૧. સચિવશ્રી | અધ્યક્ષશ્રી | મુખ્યસચિવશ્રી |
| ૨. સંયુક્ત સચિવશ્રી | અધ્યક્ષશ્રી | મુખ્યસચિવશ્રી |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)
( કે.એમ.બાલસર )
સેકશન અધિકારી
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,
સચિવશ્રી
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ડૉ.જીવરાજ મહેતાભવન, ગાંધીનગર.

નકલ રવાના:- સેકશન અધિકારીશ્રી,(ગ.રસેલ) સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર...

કે.૫૮૪//૨૧૫૯